નં: જમીન/બી.ખે.શ.ભં./વશી/૯૬૭/૨૦૧૮

કલેકટર કચેરી,સાબરકાંઠા
હિંમતનગર તા.૧૬/૪/૧૮

**વાંચ્યો ::**

(૧) સરકારશ્રી ના મહેસુલ વિભાગના ઠરાવ નં:બખપ/૧૦૮૦/૫૯૫૬૦/ક તા.૨૭/૮/૮૦ તથા જમીન મહેસુલ નિયમ ૧૦૦ તથા ૧૦૧ અન્વયે.

(૨) અત્રેની કચેરીના હુકમ નં.જમીન/બી.ખે./એસ.આર.૫૯/૯૩ તા.૧૦/૯/૯૩

(૩) નાયબ કલેકટરશ્રી, હિંમતનગરના પત્ર નં.જમીન/મોતીપુરા/શ.ભં.પ્લોટ/વ-૪૩૭, ૪૩૯થી ૪૪૨/૨૦૧૮ તા.૨૦/૩/૧૮થી વિરમતા કાગળો

(૪) અત્રેની કચેરીના પત્ર નં.જમીન-૧/વશી/૮૬૭/૨૦૧૮ તા.૩૧/૩/૧૮

(૫) અરજદારશ્રી મહેતા જયંતિલાલ શીવલાલ વિ.રહે.મોતીપુરા તા.હિંમતનગરની તા.૧૬/૨/૧૮ તથા તા.૩/૪/૧૮ની અરજી

**આદેશ ::**

આ કામે મોજે.મોતીપુરા તા.હિંમતનગરના બિનખેતી સર્વે નં.૫૭ પૈકીના રહેણાંકના હેતુ માટેના પ્લોટ નં. ૨ થી ૧૯ની જમીનમાં સમયમર્યાદામાં બાંધકામ પુર્ણ કરેલ ન હોઈ બાંધકામની મુદત એક વર્ષ માટે વધારી આપવા અરજદારશ્રી મહેતા જયંતિલાલ શીવલાલ વિ. રહે.મોતીપુરા તા.હિંમતનગરએ આમુખ-(૫)માં જણાવેલ તા.૧૬/૨/૧૮ની અરજીથી માંગણી કરતાં આમુખ-(૩)ની વિગતે ધોરણસરની દરખાસ્ત અત્રે રજુ થયેલ છે.

રજુ થયેલ દરખાસ્તની ચકાસણી કરતાં આમુખ-(૨)ના હુકમથી મોજે:મોતીપુરા તા.હિંમતનગરના બીનખેતી સર્વે નં.૫૭ની ૭૧૫૨૯-૦૦ ચો.મી. પૈકી ૩૮૪૨૬-૧૭-૫૦ ચો.મી. જમીનમાં રહેણાંકના તથા ૨૫૭૭૫-૮૨-૫૦ ચો.મી. જમીનમાં વાણિજય હેતુ માટે ઉપયોગ કરવા હેતુફેરની મંજુરી આપવામાં આવેલ. જે હુકમની શરત નં.-(૫) મુજબ ત્રણ વર્ષમાં બાંધકામ પુર્ણ કરવાનું રહે છે. પરંતુ સવાલવાળી જમીનનું પંચનામુ જોતાં સ્થળે જમીન ખુલ્લી હોવાનું જણાય છે. આ કામના અરજદારશ્રીએ તેઓના નિવેદનમાં આર્થિક કારણોસર બાંધકામ કરી શકેલ ન હોઈ બાંધકામની મુદત વધુ એક વર્ષ માટે લંબાવી આપવા માંગણી કરેલ છે.

સબબ પ્રથમ વખતનો શરતભંગ હોઈ આ કામે પ્લોટ નં.૨ થી ૧૯ની ૨૭૫૪.૫૧૭૫ ચો.મી. જમીનમાં રહેણાંકના હેતુ માટે રૂા.૦-૧૫ પૈસા લેખે બાંધકામ શરતભંગ બદલ દંડની રકમ રૂા.૧,૦૩,૨૯૫/- તલાટીશ્રી હિંમતનગરની કચેરીએ ભરપાઈ કરાવવા આમુખ-(૪)ના પત્રથી જાણ કરતાં અરજદારશ્રીએ સદરહું દંડની રકમ તલાટી હિંમતનગરની કચેરીએ જ.મ.પહોંચ નં.૧૬ તા.૩/૪/૧૮થી જમા કરાવી આમુખ-(૫)માં જણાવેલ તા.૩/૪/૧૮ની અરજીથી અસલ પહોચ અત્રે રજુ કરેલ છે. આમ, અરજદારશ્રીએ બાંધકામ શરતભંગ બદલ દંડની જમા કરાવેલ હોઈ બાંધકામની મુદત વધારી આપવા વાંધા સરખુ જણાતું નથી.

સબબ ઉપરની વિગતે મોજે.મોતીપુરા તા.હિંમતનગરના બિનખેતી સર્વે નં.૫૭ પૈકીના રહેણાંકના હેતુ માટેના પ્લોટ નં.૨ થી ૧૯ની ૨૭૫૪.૫૧૭૫ ચો.મી. જમીનમાં આમુખ-(૧)ના ઠરાવની જોગવાઈઓ મુજબ બાંધકામ શરતભંગ બદલ દંડની રકમ રૂા.૧,૦૩,૨૯૫/- (અંકે રૂપિયા એક લાખ ત્રણ હજાર બસો પંચાણું પુરા) વસુલ આવેલ હોઈ આમુખ-(૨)ના હુકમથી

નિયત કરેલ બાંધકામની મુદત આ હુકમની તારીખથી વધુ ૧ (એક) વર્ષ માટે મુળ હુકમની શરતોને આધીન તથા નીચેની વધારાની શરતોએ વધારી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો:**

(૧) પ્લોટ ધારકે પાછલા વર્ષોની બાકી ઉપજ દિન-૧૦માં ભરપાઈ કરવાની રહેશે. સમય મર્યાદામાં રકમ ભરપાઈ નહી કરવામાં આવે તો મુદત વધારો અમાન્ય ગણવામાં આવશે.

(૨) માર્જીનમાં રસ્તાની/કોમન પ્લોટની કે અન્ય ખુલ્લી જમીનમાં કોઈ પણ જાતનું બાંધકામ કરવાનું રહેશે નહી.

(૩) વધારી આપેલ મુદત વીત્યા બાદ હવે પછી બાંધકામની મુદત વધારી આપવામાં આવશે નહી. વધારેલ મુદતમાં બાંધકામ પુર્ણ કરવામા નહી આવે તો નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

(૪) મંજુર કરેલ લે-આઉટ પ્લાનમાં જણાવેલ પ્લોટની ડી.ઈ.લે.રે.શ્રી હિંમતનગર મારફતે માપણી કરાવી હદ નકકી કરાવી ત્યારબાદ મુળ પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૫) શરત નં.(૧) તથા (૨)ની પુર્તતા થયા બાદ જ નગરપાલિકાએ રજાચિઠ્ઠીની મંજુરી આપવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૬) પ્રશ્નવાળી જમીનના બાંધકામ બાબતે હિંમતનગર નગરપાલિકાથી રજાચિઠ્ઠી મેળવીને જ બાંધકામ કરવાનું રહેશે.

(૭) સદરહું હુકમ ઝોનને આધીન રહેશે.

સહી/-
**કલેકટર સાબરકાંઠા**

પ્રતિ,
શ્રી મહેતા જયંતિલાલ શીવલાલ વિ.
રહે.મોતીપુરા તા.હિંમતનગર

**નકલ રવાના:**

- ચીફ ઓફીસરશ્રી, હિંમતનગર નગરપાલિકા તરફ જાણ તથા આગળની કાર્યવાહી સારૂ.
- મામલતદારશ્રી, હિંમતનગર તરફ **(કા.કા.સહ)** જાણ સારૂ.
- ડી.ઈ.લે.રે.શ્રી, હિંમતનગર તરફ જાણ સારૂ.
- તલાટીશ્રી, હિંમતનગર તરફ જાણ સારૂ

રવાના કર્યું
**ચીટનીશ ટુ કલેકટર**
**સાબરકાંઠા હિંમતનગર**